# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-06-2025** **Evening : 7.10 to 7.20**
**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1) અમદાવાદમાં પરંપરાગત રીતે ભગવાન જગન્નાથજીની 148મી રથયાત્રા યોજાઈ, ભગવાનને પહેલી વાર ગાર્ડ ઑફ ઑનર અપાયું.
2) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં શિક્ષણને લગતી મુશ્કેલીઓને નિવારવા સરકાર કટિબદ્ધ હોવાનું જણાવ્યું.
3) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, **ઈનફ્લિ બનેટના માધ્યમથી પુસ્તકાલયોને અત્યાધુનિક ટેક્નોલૉજી સાથે જોડીને સતત વિકસિત કરવામાં આવી રહ્યા છે.**
4) રાજ્યની સરકારી અને બિન સરકારી પ્રાથમિક શાળાઓના શિક્ષણ સહાયકોને જુલાઈમાં નિમણૂક હુકમ અપાશે.
5) રાજ્યમાં આજે 145 તાલુકામાં વરસાદ, આવતીકાલે કચ્છ, બનાસકાંઠા, દેવભૂમિદ્વારકા અને જામનગરમાં અતિભારે વરસાદની આગાહી.

-----------------------------------------------------------------------------------

(હવે પછી આપ 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# AMDAVAD RATHYATARA

અમદાવાદમાં આજે પરંપરાગત રીતે ભગવાન જગન્નાથજીની 148મી રથયાત્રા યોજાઈ રહી છે. આજના દિવસે ભગવાન સામે ચાલીને ભક્તોને દર્શન આપવા નગરચર્યાએ નીકળ્યા છે. આ વખતે રથયાત્રાની શરૂઆતમાં પહેલી વાર રાજ્ય પોલીસે ભગવાનને ગાર્ડ ઑફ ઑનર આપ્યું હતું. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ પણ બપોરે તંબુ ચોકી પહોંચી રથયાત્રા નીહાળી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રથયાત્રાના અમદાવાદ શહેરમાં ભ્રમણ તેમજ રથયાત્રાના સંચાલનની પળેપળની દેખરેખ મુખ્યમંત્રી નિવાસસ્થાનના C.M. ડૅશબોર્ડની વીડિયો વૉલ પર જીવંત પ્રસારણ નિહાળીને કર્યું. તેમજ રથયાત્રાના માર્ગ , રથના લૉકેશન , પોલીસ દ્વારા A.I. અને ડ્રૉન ટેકનોલોજીના ઉપયોગથી થઈ રહેલી રથયાત્રાની દેખરેખ અને સલામતી વ્યવસ્થાની વિસ્તૃત માહિતી પણ મેળવી હતી.

**(વૉઈસકાસ્ટ- હર્ષલ પંડ્યા)**

(...કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જમાલપુર નીજ મંદિરમાં વહેલી સવારે મંગળા આરતીમાં ભાગ લીધો. ત્યારબાદ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સવારે જમાલપુર મંદિરમાં સોનાની સાવરણીથી માર્ગની સફાઈ એટલે કે , પહિંદ વિધિ કરીને ભગવાન જગન્નાથજીનો રથ ખેંચી રથયાત્રાનો પ્રારંભ કરાવ્યો. સવારે રથના પ્રસ્થાન બાદ ત્રણેય રથ મહાનગરપાલિકા કચેરી , રાયપુર ચકલા, ખાડિયા ચાર રસ્તા , કાલુપુર થઈ સરસપુર ભગવાનના મોસાળ ખાતે પહોંચી હતી , ત્યાં થોડો વિશ્રામ કર્યા બાદ ત્રણેય રથનું સરસપુરથી પ્રસ્થાન કરાવાયું. સરસપુરથી નિકળ્યા બાદ રથયાત્રા તેના પરંપરાગત રૂટ એવા દરિયાપુર તંબુચોકી , શાહપુર , ધીકાંટા વિસ્તારમાંથી પસાર થઇને નિજમંદિર તરફ પ્રયાણ કરી રહી છે. આ રથયાત્રા દરમિયાન વિવિધ અખાડાના યુવાનોએ વિવિધ કરતબ પણ બતાવ્યા હતા.)

હર્ષલ પંડ્યા, આકાશવાણી સમાચાર, અમદાવાદ

. . . . .

# RATHYATRA DISTRICTS

રાજ્યનાં અન્ય જિલ્લાઓમાં પણ આજે રથયાત્રા યોજાઈ. ભરૂચ જિલ્લામાં શ્રી જગન્નાથ સેવા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા શ્રી જગન્નાથ મંદિરમાંથી આજે 19મી રથયાત્રા યોજાઈ. યાત્રાના અંતે હવે મહાઆરતી અને વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે. રથયાત્રા અંગે ભાવિભક્તે પ્રતિક્રિયા આપી.......

( બાઈટ -- ભકતજન)

ભાવનગર જિલ્લામાં ભગવાન જગન્નાથજીની 40-મી રથયાત્રામાં પોલીસ વિભાગ દ્વારા શ્રદ્ધાળુઓ માટે ખાસ દસ જેટલાં સર્કલ પર હેલ્થ ડેસ્ક શરૂ કરાયાં હતા. નિજ મંદિરથી લઇ 17 કિલોમીટરની નગરચર્યા કરાવવાની જવાબદારી શ્રી ઘોઘા- ભાવનગર રાજપુત ભોઇરાજ જ્ઞાતિના ૩૦૦ સભ્યોએ લીધી છે

અરવલ્લી જિલ્લામાં જિલ્લા કલેક્ટર પ્રશસ્તિ પારિકે રથ ખેંચી રથયાત્રાનો પ્રારંભ કરાવ્યો. યાત્રાધામ શામળાજી ખાતે પણ ભગવાન શામળિયાને ચાંદીના રથમાં બિરાજમાન કરાવાયાં હતાં.

બોટાદના ગઢડામાં યોજાયેલી રથયાત્રામાં વિવિધ ધાર્મિક અને સામાજિક સંદેશ આપતા ફ્લોટસે આકર્ષણ જમાવ્યું.

સુરતના ઇસ્કોન મંદિર દ્વારા યોજાયેલી રથયાત્રામાં મોટી સંખ્યામાં ભક્તો જોડાયા

સાબરકાંઠા જિલ્લાનાના ઇડર અને હીમતનગરમાં પણ ધામધૂમપૂર્વક રથયાત્રા સંપન્ન થઈ.

**વડોદરામાં પણ પુરીમાં તૈયાર થતા ત્રણ રથોની પ્રતિકૃતિ સમાન કાષ્ઠના ત્રણ રથોનું નિર્માણ કરાયું હતું. પ્રસાદ વિતરણ પછી ત્રણે રથોની પ્રદક્ષિણા કરવાનો પણ ભક્તોને લ્હાવો લીધો હતો..** . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

......................................

# GNR CM PRAVESHOTSAV

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં શિક્ષણને લગતી મુશ્કેલીઓને નિવારવા સરકાર કટિબદ્ધ હોવાનું જણાવ્યું. ગાંધીનગરની પુન્દ્રા-સણ પ્રાથમિક શાળામાં આજે પ્રવેશોત્સવ કાર્યક્રમમાં શ્રી પટેલે આ મુજબ જણાવ્યું. દરમિયાન તેમણે આર્થિક મુશ્કેલીના કારણે બાળકોનું શિક્ષણ બંધ કરી દેનારા માતાપિતાઓને બાળકોનું શિક્ષણ ન અટકાવવા અપીલ કરી. તેમજ શ્રી પટેલે સૌ વિદ્યાર્થીઓ અને વાલીઓને સરકારની શૈક્ષણિક યોજનાનો વધુમાં વધુ લાભ લેવા પણ આહ્વાન કર્યું.

(બાઈટઃ ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

શ્રી પટેલે આજે શાળાની આંગણવાડી , બાળવાટિકા, પહેલા અને નવમા ધોરણના મળીને કુલ 197 ભૂલકાઓનું શાળા પ્રવેશ કરાવ્યો.

. . . . . . . . . . .

# AMIT SHAH GANDHINAGAR

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે ગાંધીનગર લોકસભા મતક્ષેત્રમાં આવેલી ઇન્ફર્મેશન એન્ડ લાઈબ્રેરી નેટવર્ક – ઈનફ્લિબનેટ કેન્દ્રની મુલાકાત લીધી. તેમજ તેમણે પુસ્તકાલયોનાં વિકાસની પણ સમીક્ષા કરી. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી શાહે કહ્યું , ઈનફ્લિબનેટના માધ્યમથી પુસ્તકાલયોને અત્યાધુનિક ટેક્નોલૉજી સાથે જોડીને સતત વિકસિત કરવામાં આવી રહ્યા છે. ઉપરાંત શ્રી શાહે ‘સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય’ની મોબાઈલ એપ પણ લોન્ચ કરી. આ એપ પુસ્તકપ્રેમીઓ માટે તેમના મનપસંદ પુસ્તક મેળવવા ઘણી ઉપયોગી સાબિત થશે

. . . . . . . . . . .

# SHIKSHAN SAHAYAK JAHERAT

રાજ્યની સરકારી અને બિન-સરકારી શાળાઓમાં શિક્ષણ સહાયક ભરતી અંતર્ગત ઉમેદવારો માટે મૅરિટ-કમ-પ્રૅફરન્સના આધારે આજે શાળાની અંતિમ ફાળવણી જાહેર કરવામાં આવી. તે મુજબ, સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નિમણૂક પામેલા શિક્ષણ સહાયકોને આગામી ત્રીજી જુલાઈ અને બિન-સરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નિમણૂક પામેલા શિક્ષણ સહાયકોને આઠ જુલાઈએ નિમણૂંક હુકમ અપાશે.

ઉમેદવારો માટે શાળા ફાળવણીપત્ર ડાઉનલૉડ કરવા અને ફળવાયેલી શાળામાં નિમણૂક હુકમ મેળવવાની સૂચના WWW.GSERC.IN વૅબસાઈટ પર પ્રસિદ્ધ કરવામાં આવી છે તેમ ગુજરાત રાજ્ય શૈક્ષણિક સ્ટાફ ભરતી માટેની પસંદગી સમિતિની યાદીમાં જણાવાયું છે.

. . . . . . . . . . .

# STATE RAIN

રાજ્યમાં આજે પણ અનેક જિલ્લામાં વરસાદ વરસ્યો. સવારે છ વાગ્યાથી સાંજે છ વાગ્યા સુધીમાં 145 તાલુકામાં વરસાદ નોંધાયો. સૌથી વધુ ત્રણ ઈંચ વરસાદ દેવભૂમિ દ્વારકાનાં કલ્યાણપુર તાલુકામાં નોંધાયાના અહેવાલ છે. જ્યારે કચ્છના માંડવી, વલસાડના પારડી, દેવભૂમિ દ્વારકાના ખંભાળિયામાં દોઢ ઈંચથી વધુ અને આ સિવાયનાં તાલુકાઓમાં સામાન્ય વરસાદ નોંધાયો છે.

દરમિયાન હવામાન વિભાગે આવતીકાલે કચ્છ , બનાસકાંઠા, દેવભૂમિદ્વારકા અને જામનગરમાં છૂટાછવાયા સ્થળ પર અતિભારે તેમજ પાટણ , સાબરકાંઠા, મોરબી, રાજકોટ, પોરબંદર, જુનાગઢ, ગીરસોમનાથ, નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગરહવેલીમાં છૂટાછવાયા સ્થળ પર ભારે વરસાદની આગાહી કરી છે.

સાથે જ રાજ્યમાં અત્યાર સુધી મોસમનો સરેરાશ 29 ટકા વરસાદ વરસ્યો છે. જ્યારે 18 બંધ હાઈ અલર્ટ, 15 બંધ અલર્ટ અને 12 બંધ ચેતવણી પર છે.

. . . . . . . . . . . . .

# BANASKANTHA NAVA NEER

અષાઢી બીજ નિમિત્તે આજે બનાસકાંઠાના અંબાજીના પવિત્ર માનસરોવર કુંડમાં વરસાદના નવા પાણીના વધામણાં કરાયા. મંદિરના  પૂજારીએ નવા નીરની પૂજા-અર્ચના કરી માનસરોવરમાં માંડવો પધરાવ્યો.

(બાઈટ -- પૂજારી મહારાજ અંબાજી)

. . . . . . . . . . . . .

# KRUSHI PURSHKAR

રાજ્યમાં કોઠાસૂઝથી ખેતી ક્ષેત્રે સિદ્ધિ મેળવનારા અને વિશેષ પ્રદાન કરનારા ખેડૂતોને રોકડ પુરસ્કારથી સન્માનિત કરાશે. આવા ખેડૂતોને પ્રોત્સાહન આપવા સરદાર પટેલ કૃષિ સંશોધન પુરસ્કાર યોજના અંતર્ગત એક લાખ રૂપિયા સુધીની રોકડ પુરસ્કાર અપાશે એમ ખેતી નિયામકની યાદીમાં જણાવાયું છે.

ખેડૂતોએ યોજનાનો લાભ લેવા જિલ્લા ખેતીવાડી અધિકારીને નિયત નમૂનામાં અરજી કરવાની રહેશે. અરજીપત્ર ખેતી નિયામકની વેબસાઈટ પર ઉપલબ્ધ છે. આ યોજના અંગે વધુ જાણકારી મેળવવા જિલ્લા પંચાયત ખાતે જિલ્લા ખેતીવાડી અધિકારીનો સંપર્ક કરવાનો રહેશે.

. . . . . . . . . . . . .